## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વર્ષ 2020/21 ની રેગ્યુલર પ્રવૃતિનો સંક્ષિપ્ત અહેવાલ



સંપાદક
**પ્રો.**ડૉ.શારદા**બેન** એમ.વિરાણી
એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર
માતાશ્રી જમાનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટ્સ & કોમર્સ કોલેજ –જોશીપૂરા, જૂનાગઢ.

# लक्ष्य गीत राष्ट्रीय सेवा योजना

उठे समाज के लिए उठें – उठें
जगें स्वराष्ट्र के लिए जगें – जगें
स्वयं सजें वसुन्धरा संवार दे – २

हम उठे उठेगा जग हमारे संग साथियों
हम बढ़ें तो सब बढ़ेंगे अपने आप साथियों
जमीं पे आसमां को उतार दे – २
स्वयं सजें वसुन्धरा संवार दे – २

उदासियों क्रो दूर कर खुशी को बांटते चलें
गांव और शहर की दूरियों को पाटते चलें
ज्ञान को प्रचार दें प्रसार दें
स्वयं सजें वसुन्धरा संवार दे – २

समर्थ बाल वृद्ध और नारियां रहें सदा
हरेभरे वनों की शाल ओढ़ती रहे धरा
तरक्कियों की एक नई कतार दें – २
स्वयं सजें वसुन्धरा संवार दे – २

ये जाति धर्म बोलियां बने न शूल राह की
बढ़ाएं बेल प्रेम की अखंडता की चाह की
भावना से ये चमन निखार दें
सद्भावना से ये चमन निखार दें – २
स्वयं सजें वसुन्धरा संवार दें – २

उठे समाज के लिए उठें – उठें
जगें स्वराष्ट्र के लिए जगें – जगें
स्वयं सजें वसुन्धरा संवार दे – २

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી
મહિલા આર્ટ્સ & કોમર્સ કૉલેજ,જોષીપુરા- જૂનાગઢ

**રાષ્ટ્રીય સેવા યોજના (NSS)વર્ષ :૨૦૨૦-૨૧** ની **રેગ્યુલર** પ્રવૃતિનો **સંક્ષિપ્ત અહેવાલ**

**NOT ME BUT YOU**



ડૉ.શારદા**બેન** એમ.વિરાણી
એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર

ડૉ.**જ**મકુબેન **એ.સોજીત્રા**
પ્રિન્સિપાલ.

માતાશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટ્સ & કોમર્સ કોલેજ, જોષીપુરા - જૂનાગઢ

## શુભેચ્છા સંદેશ

ડૉ. જમકુબેન એ.સોજીત્રા,

પ્રિન્સિપાલશ્રી,



માતાશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,

જોષીપુરા-જૂનાગઢ

શ્રી સરદારપટેલ એજ્યુકેશન ટ્રસ્ટ  સંચાલિત માતુશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની શરૂઆત ઈ.સ.૧૯૮૬માં થઈઅને૧૯૮૭થી રાષ્ટ્રીય સેવા યોજના **(N.S.S.)** નું યુનિટ શરૂ કરવામાં આવ્યું.

જૂનાગઢ અને સોરઠ વિસ્તારમાં દીકરી માટે ભવ્ય અને ભગીરથ કાર્ય કરી લાખોની સંખ્યામાં વિદ્યાદિપ  પ્રકાશિત કર્યા છે તેવા સંસ્કારયુક્ત કેળવણીકાર ડૉ.શ્રી હરિભાઈ ગોધાણી સાહેબને આ સમયે યાદ કરીએ છીએ. તેમનું સમગ્ર જીવન સત્કર્મોથી ઝળહળતું રહ્યું છે.તેમણે એજ્યુકેશન શબ્દનો અર્થ સાર્થક કર્યો છે. એજ્યુકેશન એટલે વિદ્યાર્થીના અંતરમાં સુષુપ્ત પડેલી ઈશ્વરદત કે જન્મદત શક્તિઓને બહાર લાવવાની પ્રક્રિયા. ડો. શ્રી હરિભાઈ **ગોધાણી** સાહે**બે** કન્યાકેળવણી **અને** સમાજની સર્વાંગી પ્રગતિ માટે**કાર્ય કર્યું** છે.સ્ત્રી જો શિક્ષિત, સંસ્કારી,સદગુણી અને શક્તિસંપન્ન હશે તોજ સમાજ પણ એવોજ સ્વસ્થ અને સશક્ત બનશે.'સેવાધર્મ પરમો ધર્મ'એ સૂત્રને સાર્થક કરનાર અને સંસ્કારયુક્ત કેળવણી આપી સર્વશ્રેષ્ઠ દીકરીઓનું ઘડતર કરનાર અને મમતાભરી માવજતના કારણે આજે હજારો દીકરીઓ પગભર થઇ રહી છે, તેવા પૂર્વ ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરિભાઈ ગોધાણી સાહેબને દંડવત પ્રણામ કરું છું.

છેલ્લા બે વર્ષથી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. શારદાબેન વિરાણી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, સાહસિકતા, સમાજસેવા અને આંતરિક કૌશલ્યને પ્રગટ કરવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છે.રાષ્ટ્ર-સમાજ અને વ્યક્તિ વિકાસના પાયાનું ઉત્તરદાયિત્વ વિદ્યાલયોમાં અપાતા શિક્ષણ પર છે. પોતાના ભાગનું કામ તો સૌ કોઈ કરે.પરંતુ જે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પોતાના મનથી શુભ તત્વને આગળ ધરી જ્યારે આનંદ માટે જવાબદારી ગણી કામ કરવામાં આવે ત્યારે જ રાષ્ટ્રસેવાની સાચી સરિતા શરૂ થાયછે. વિદ્યાર્થીઓ પોતાનું વ્યવહારૂ જીવન કાર્ય,કર્તવ્ય નિષ્ઠા રાષ્ટ્રીય સેવા યોજનાની ઉત્તમ કામગીરીથી શીખી શકે છેતેમાં કોઈ શંકાને સ્થાન નથી.

રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ અને વાર્ષિક શિબિરમાં સંસ્થાના ચેરમેન મેનેજીગ ટ્રસ્ટીશ્રી જે. કે. ઠેસિયા સાહેબ તથા જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિની મેડમનું સતત માર્ગદર્શન મળતું રહે છે. ડૉ. હરિભાઈ ગોધાણી શૈક્ષણિક સંકુલ જ્યાં વિદ્યાર્થીઓનો સામાજિક  તેમજ રાષ્ટ્રીય સંબંધો

દ્વારા થતો વિકાસ તેના માનવ અસ્તિત્વનો  એકરાર કરે છે. ભારત સમગ્ર વિશ્વમાં તેની  સંસ્કૃતિ અને સંસ્કારના અનેકવિધ આયામોથી વિશ્વભરમાં અગ્રેસર છે.તેમાં આવી નાની-નાની સંસ્થાઓમાં અપાતી રાષ્ટ્રભાવનાની ટ્રેનીંગ વિદ્યાર્થીઓમાં મૈત્રીભાવ જગાડે તે સહજ અને સ્વાભાવિક છે.

ડૉ. શારદાબેન  વિરાણીએ જ્યારથી રાષ્ટ્રીય સેવાની કામગીરી સંભાળી છે ત્યારથી વિદ્યાર્થિનીઓના કાર્યોમાં નિયમિતતા, તેઓનો  વિદ્યાર્થીઓ પ્રત્યેનો  વાત્સલ્યભાવ અને કોઠાસૂઝને હું બિરદાવું છું.સમગ્ર પ્રવૃતિને મેગેઝીન સ્વરૂપે પ્રકાશિત કરવા જઈ રહ્યા છે ત્યારે  સફળતા ઈચ્છું છુ  અને શુભેચ્છા પાઠવું છું.

પ્રિ.ડૉ.જમકુબેન એ.સોજીત્રા

# સંપાદકીય



શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી જમાનાબા શામજીભાઇ ગોધાણી મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજ,જોશીપુરા-જુનાગઢમાં વિદ્યાર્થિનીઓ આર્ટસ(,હિન્દી, સંસ્કૃત,મનોવિજ્ઞાન અને હોમસાયન્સ જેવા મુખ્ય વિષયો) અને કોમર્સ સાથે અભ્યાસ કરી રહી છે. આ સંસ્થામાં સંસ્થાના **ચેરમેન મેનેજીગ ટ્રસ્ટીશ્રી જે**.કે.ઠેસિયા **સાહેબ અને** જોઈન્ટ **મેનેજીગ ટ્રસ્ટી શ્રીમૃણાલિનીબેન ગો**ધા**ણી**ના માર્ગદર્શન હેઠળ શિક્ષણની સાથે કેળવણીલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરી વિકાસની તકો પૂરી પાડવામાં આવે છે. વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાંની મહત્વની એક પ્રવૃત્તિ એટલે રાષ્ટ્રીયસેવા યોજના (NSS). ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી હેઠળ અમારી કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાનું એક યુનિટ કાર્યરત છે. જેમાં સો (૧૦૦) વિદ્યાર્થીઓનું યુનિટ વર્ષ પર્યંત વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. કાર્યશીલ, રસધરાવતી,વ્યવહારુ, નિષ્ઠાવાન અને પ્રામાણિક એવી પચાસ (૫૦) બહેનોની પસંદગી કરી પ્રતિવર્ષ કોઈ ગામ પસંદ કરીને સાત દિવસની વાર્ષિક શિબિર યોજવામાં આવે છે. એન.એસ.એસ. શિબિરની સાથે સંસ્કાર આપતી મૂલ્ય વર્ધક પ્રવૃત્તિ છે. ભારતનું ભવિષ્ય વર્ગખંડોમાં ઘડાઈ રહ્યુ છે ત્યારે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વિદ્યાર્થીઓને સમાજધર્મ અને રાષ્ટ્રધર્મના પાઠ ભણાવી ભારતના અતૂટ, સલામત, અખંડ, ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે અત્રે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન **NSS** અંતર્ગત યોજાયેલ વિવિધ રેગ્યુલર એક્ટિવિટીઝનો અહેવાલ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે.

વંદે માતરમ.........

**પ્રો.**ડૉ.શારદા એમ.વિરાણી
એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર

## પૂર્વભૂમિકા

રાષ્ટ્રીય સેવા યોજના (**NSS**)ની સ્થાપના ઈ.સ.૧૯૬૯-૭૦ની સાલમાં કરવામાં આવી. આમ તો સ્વાતંત્ર્યથી એક જાગૃતતા આવી હતી કે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનામાં સાંકળવા. ઇ. સ. ૧૯૫૮માં પંડિત જવાહરલાલ નેહરુએ પૂર્વ સ્નાતક કક્ષાએ સમાજ સેવાનો સમાવેશ કરવા સૂચવ્યું .૧૯૫૯માં શિક્ષણ પ્રધાનોની સભામાં આ અંગે સર્વ સંમતિ સધાઈ.વિગતવાર યોજના ઘડવા માટ ડૉં.સી.ડી.દેશમુખની અધ્યક્ષતા હેઠળ 'રાષ્ટ્ર સેવા સમિતિ'ને આ કાર્ય સોપવામાં આવ્યું . ડૉં .કે.જી.સૈયદે બીજા દેશોમાં વિદ્યાર્થી પ્રવૃતિઓના અભ્યાસના આધારે ૧૯૬૦મા'યુવકો માટે સમાજ સેવાનો અહેવાલ સરકારને સુપરત કર્યો. ૧૯૬૨માં સરકારે એન.સી.સી.અને એન.એસ.એસ.ને મહાવિદ્યાલય અને વિદ્યાલય કક્ષાએ દાખલ કરી. ૧૯૬૪માં શિક્ષણ આયોગના અધ્યક્ષ ડૉં. કોઠારીએ શિક્ષણ વ્યવસ્થાના દરેક તબક્કે સમાજસેવાને સાંકળવા ભલામણ કરી. એપ્રિલ ૧૯૬૭માં રાજ્યોની શિક્ષણમંત્રીઓની બેઠકમાં નક્કી કર્યું કે, યુનિવર્સિટી ધોરણે વિદ્યાર્થીઓને એન.સી.સી.,એન.એસ.એસ. અને એન.એસ.ઓ. (રાષ્ટ્રીય રમત સંસ્થા) વિકલ્પવાળી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરી. ૧૯૬૭માં દેશના ઉપકુલપતિઓની સભામાં પણ આનો સ્વીકાર કરવામાં આવ્યો. ૧૯૬૯માં આયોજનપંચે દેશની કેટલીક યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય સેવા યોજના દાખલ કરવા નાણાકીય ફાળવણી કરી.ત્યારથી દર વર્ષે રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી છે .

૧૯૬૯માં રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના થઈ. ભારતમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવામાં જોડાવવાનો મુખ્ય વિચાર આપણને મહાત્મા ગાંધીજીના યુગની યાદ અપાવે છે. તેઓ હંમેશા એવું ઇચ્છતા હતા કે, વિદ્યાર્થીઓ પોતાના બૌદ્ધિક વિકાસની સાથોસાથ પોતાની સામાજિક જવાબદારીઓ પણ ધ્યાનમાં રાખે. રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત કંઈક એવું રચનાત્મક કાર્ય થાય કે, જેનાથી ગ્રામીણ લોકોનું જીવનસ્તર આર્થિક - સામાજિક દ્રષ્ટિએ ઊચું આવી શકે.

વિશ્વવિદ્યાલયના અધ્યક્ષ ડૉ.રાધાકૃષ્ણને પણ કહ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સેવાને સ્વૈચ્છિક રૂપથી શરૂ કરે.એટલે કે એક બાજુ તો વિદ્યાર્થીઓ અને અધ્યાપક વચ્ચે સ્વચ્છ સંબંધ સ્થપાય અને બીજી બાજુ વિશ્વવિદ્યાલય અને સમાજ પરસ્પર એક રચનાત્મક સૂત્રથી જોડાઈ શકે. ૧૯૬૯મા ૪૦૦૦૦ (ચાલીસ હજાર)ની સંખ્યાથી શરૂ થયેલી આ યોજના આજે બહુ મોટા ફલક પર પથરાય અને તેના હેતુ સિદ્ધિ માટે સઘન પ્રયત્નશીલ છે.


ડૉ.શારદા એમ.વિરાણી	ડૉ.**જમકુબેન એ.સોજીત્રા**

એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર	પ્રિન્સિપાલશ્રી .

શ્રીમહિલા આર્ટ્સ & કોમર્સ કોલેજ જોષીપુરા-જૂનાગઢ







## રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક

## NSS SYMBOL & NSS MOTTO




રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક કોણાર્કના સૂર્યમંદિરના રથનાં ચક્ર પર આધારિત છે. સૂર્યમંદિરનું એ મહાન ચક્ર પુનઃનિર્માણ, રક્ષણ અને મુક્તિના ચક્રનાં દર્શન કરાવે છે અને એ અનંતકાળ તથા અવકાશ વચ્ચે ચાલી આવેલી જીવનની ગતિનું મહત્વ સૂચવે છે. પ્રતીકની ગત્યાત્મક આકૃતિ રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેયનું, પ્રગતિનું પ્રથમ દ્રષ્ટિએ સૂચન કરે છે. ગ્રામ પ્રદેશના સમાજના વિધેયાત્મક અને પ્રગતિકારક કાર્યક્રમોમાં શહેરી અને બિનશહેરી યુવકોને રસ લેતા અને જોડતા કરવાનું તથા સમૂહજીવન અને સામાજિક કાર્ય વગેરે દ્વારા રાષ્ટ્રીય ભાવાત્મક એકતાનું જે લક્ષ્ય અને ધ્યેય રાષ્ટ્રીય સેવા યોજનાનું છે, તે આમાં પ્રતિકાત્મક રૂપમાં નિષ્પન્ન થયું છે કે જે મુખ્યતઃ પ્રગતિશીલ જીવન ચક્રનું મહત્વ દર્શાવે છે.

ચક્રમાં આઠ લીટીથી આઠ વિભાગ પડેલા છે. જે ૨૪ કલાકનું પ્રતિનિધિત્વ કરે છે.એન.એસ.એસ. બેઝ પર એન.એસ.એસ.ચિન્હ ઉપસાવેલ છે. જે એન.એસ.એસ.ના સ્વયંસેવકો વિવિધ કાર્યક્રમો કે સેવાકીય પ્રવૃતિઓ સમયે ધારણ કરે છે. બેઝનો લાલ રંગ **NSS** સ્વયંસેવકો લોહીથી ભરપુર નવલોહિયા, જીવંત , ચપળ અને હિંમતવાળા છે એવું સૂચવે છે.નીલો રંગ એક નાનું વિશ્વ સૂચવે છે, કે એન.એસ.એસ.નાનો ભાગ કે યુનિટ છે છતાં તે માનવ કલ્યાણમાં પોતાનો સિંહ ફાળો નોંધાવે છે . આ બેઝજે વ્યક્તિ ધારણ કરે છે તે તેને યાદ અપાવે છે, કે રાત દિવસ અર્થાત્ **૨૪** કલાક રાષ્ટ્રીય સેવા માટે તત્પર રહેવાનું છે. આ બેઝ દેશની સેવા માટે સ્વયંસેવકો પોતાની પૂર્ણ તૈયારી છે એવું સૂચવે છે. રાષ્ટ્રીય સેવા યોજનાનું ધ્યેય વાક્ય છે NOT ME BUT YOU અર્થાંત હું નથી પણ આપણે. જેના માધ્યમથી સ્વયં સેવક લોકશાહી પધ્ધતિમાં નિસ્વાર્થ સેવાની આવાશ્યકતાને સમર્થન આપેછે

## <u>રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદેશો</u>

(૧) વિદ્યાર્થી સમાજ પ્રત્યેના પોતાના કર્તવ્ય સમજતો થાય.
(૨) પોતે મેળવેલ શિક્ષણનો ઉપયોગ સમાજની સમસ્યાઓના ઉકેલ માટે કરી તેને અનુરૂપ રચનાત્મક . પ્રવૃત્તિઓ હાથ ધરે.
(૩) સામાજિક કાર્યકર તરીકેની સભાનતા,પહેલશક્તિ અને વ્યવસ્થાશક્તિ ખીલવે.
(૪) સમાજના નબળા વર્ગોની ઉન્નતિ માટેના કાર્યોને હાથ ધરે અને દેશના નવઘડતરના કાર્યોમાં જનતાની સહભાગીતા કેળવે.
(૫) વિદ્યાર્થીઓમાં શિસ્તની ભાવના વિકસે.
(૬) સમયપાલન,વફાદારી,આત્મવિશ્વાસ,આજ્ઞાંકિતતા,લક્ષ્ય પ્રાપ્તિ જેવા સદગુણોનું મૂલ્યલક્ષી શિક્ષણ પ્રાપ્ત થાય.
(૭) શ્રમ પ્રત્યેની સૂગ દૂર કરી શ્રમ પ્રત્યે આદરભાવ કરતા શીખે.
(૮) પર્યાવરણનું મહત્વ સમજી તેનું જતન અને રક્ષણ કરતા શીખે.
(૯) સામાજિક જવાબદારી અદા કરતા શીખે.
(૧૦) માનવ કલ્યાણમાં વિદ્યાર્થી પોતાનો ફાળો નોંધાવી શકે.
(૧૧) રાષ્ટ્રીયતાની ઉમદા ભાવના કેળવવા માટે
(૧૨) વિદ્યાર્થીઓનું ભાવિજીવન વધુ શ્રેષ્ઠ અને રાષ્ટ્રને વફાદારીવાળુ બને તે માટે
આ અને આવા અન્ય હેતુને કેન્દ્રમાં રાખીને અમે વર્ષભર વિવિધ પ્રકારની રેગ્યુલર પ્રવૃત્તિ અને સાત દિવસની વાર્ષિક શિબિર યોજીએ છીએ. જેનો વિગત પૂર્ણ અહેવાલ અહીં પ્રસ્તુત કરેલ છે.

--------------------------------

# યુવક ધર્મ

ઝવેરચંદ મેઘાણી ના શબ્દોમાં :

ઘટમાં ઘોડા થનગને ,આતમ વીંઝેપાંખ ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

દેશ યુવકો માટે શું કરે છે તેથી વિશેષ અગત્યની બાબત યુવકો દેશ માટે શું કરી શકે તે છે. કોઈપણ સમાજનું ઘડતર તેની શાળાઓ અને મહાવિદ્યાલયોમાં થાય છે. વિશ્વના દરેક ક્રાંતિકારી પરિવર્તનોમાં યુવકોએ મોખરાની ભૂમિકા ભજવી છે. ૧૮૮૫ થી ૧૯૪૭ સુધી વિદેશી શાસનમાંથી મુક્તિ મેળવવાની લડતોમાં ભારતના યુવાનો મોખરે રહ્યા હતા. મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ભેખધારી આગેવાનોના નેતૃત્વ હેઠળ હજારો યુવાનો તેમનું સર્વસ્વ હોમી દેવા તૈયાર થયા હતા. યુવાનો પોતાની કારકિર્દી અને પરિવારનો ત્યાગ કરી દેશના ઊંડાણના પ્રદેશોમાં પ્રજા વચ્ચે જઈને બેઠા અને હજારોની સંખ્યામાં શ્રમ શિબિરોમાં, સેવાદળની શિબિરોમાં અને વ્યાયામ શિબિરમાં જોડાયા. ૧૯૪૭માં દેશ આઝાદ

થયો. સ્વરાજ મળ્યું, પણ સામાજિક અને આર્થિક ક્ષેત્રે પાયાનું પરિવર્તન કરવાનું ભગીરથ કાર્ય હજી બાકી હતું. મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ આઝાદીના કેટલાક યુવાનોએ મૂકસેવકનું વ્રત લઈને દેશના પછાત વિસ્તારોની સેવા માટે તેમનું જીવન સમર્પ્યું .

મિત્રો, આવી મહાન પરંપરાના વારસ તરીકે આજની યુવાન પેઢી શ્રમ પ્રત્યેની સૂગને દૂર કરી મક્કમતાથી એકલા હાથે પણ આટલું તો અચૂક કરી શકે.

૧. સ્વાશ્રયી અને નિયમિત સમયપાલનની જીવનશૈલી કેળવવી.
૨. નિયમિત બચતની ટેવ પાડવી .
૩. સર્વધર્મ સમભાવની ભાવના કેળવવી .
૪. પ્રતિવર્ષ એક વૃક્ષ વાવવું અને તેનો બરાબર ઉછેર કરવો.
૫. દર વર્ષે એક કુટુંબને નિરક્ષરતા મુક્ત કરવું .
૬. જાહેર સ્વચ્છતાની કાળજી રાખવી .
૭. ગામના વિકાસની તમામ પ્રવૃત્તિઓમાં સહભાગિતા કેળવવી.

તમે, હું અને આપણે સહુ આ સહેલાઈથી કરી શકીએ કે નહીં ? તો આજે જ મનમાં સંકલ્પ કરીએ કે બીજા શું કરે છે તેની ચિંતા કર્યા કરતા પોતાના રોજબરોજના જીવનમાં તેમના સંકલ્પોનો અમલ કરવા માંડીએ તો બીજા યુવકો પ્રેરિત થઈ આપણી જેમ જ સંકલ્પથી પ્રેરણા લેશે.

## રાષ્ટ્રીય એકતા

દેશ સંક્રામક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે.દેશની એકતા,અસ્મિતા અને અખંડિતતાને અસામાજિક તત્વો અને ભાંગફોડિયાઓની વિઘટક પ્રવૃત્તિઓના કારણે ગંભીર નુકસાન થાય છે. ભારતની સંસ્કૃતિ અનેકતામાં એકતા, સહઅસ્તિત્વ ,ભાઈચારા, પ્રેમ, પરસ્પર વિશ્વાસ અને સહિષ્ણુતાની રહી છે અને રહેશે.

ભાષા, પ્રાંત, ધર્મ અને કોમના નામે છેલ્લા કેટલાક સમયથી સમગ્ર દેશમાં વિઘટકતત્વો, હિંસકપ્રવૃત્તિઓ, ભાગફોડ,કોમીરમખાણો અને અનામત આંદોલન દ્વારા દેશને અસ્થિર અને ખંડિત કરવામાં કાર્યરત છે. વિદ્યાર્થી સ્વયંસેવકોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ટકી રહે તે માટે નક્કર કાર્યક્રમો હાથ ધરવા.

આપણી સંસ્કૃતિ હિંસાની નહીં પણ અહિંસાની છે,ભોગની નહીં પણ ત્યાગની છે,સંઘર્સની નહીં પણ સમાધાનની છે.

જે પ્રજાનો યુવકવર્ગ મર્યાદા, વિવેક, નમ્રતા, સહિષ્ણુતા છોડે છે તે પ્રજાનો નાશ થાય છે. – **ગાંધીજી**

“ **રાષ્ટ્રીય ઉન્નતિકા હૈ સંકલ્પ હમારા , સ્વસ્થ પર્યાવરણ કા લક્ષ્ય હમારા** ”

--------------------

# એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ

રાષ્ટ્રીય સેવા યોજનામાં દર વર્ષે ૧૦૦ વિદ્યાર્થિની બહેનો જોડાતી હોય છે.આ સો વિદ્યાર્થિની બહેનોનું યુનિટ જે વર્ષભર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના **NSS** પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર પ્રો.ડૉ.દેવાણી સાહેબના નેતૃત્વ હેઠળ અને પ્રિન્સિપાલ ડૉ. જમકુબેન સોજીત્રા **તેમજ** પ્રોગ્રામ ઓફીસર પ્રો.ડૉ.શારદાબેન વિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરતું હોય છે.આ પ્રવૃત્તિઓને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે.

## (૧) નિયમિત પ્રવૃત્તિઓ .......................

## (૨) વાર્ષિક ખાસ શિબિરો .....................

**નોંધ** : આ વર્ષ ૨૦૨૦-૨૧ માં કોરોના કોવિડ 19 ના કારણે વાર્ષિક (ખાસ) શિબિર થયેલ નથી.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણીશ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,જોષીપુરા-જૂનાગઢ

# રાષ્ટ્રીય સેવા યોજના **પ્રવેશ પત્રક**

વર્ષ : 2021-22

**કૉલેજ જી** .આર.નં.: - **.............................................**

**યુનિ.**એનરોલ**મેન્ટ નં. :- .............................................**

**મોબાઈલ નં.  : -  .....................................................**

**આધાર નં.  : .....................................................**

. આથી હું ......................................................................................એફ.વાય.બી.એ./બી.કોમ.માં અભ્યાસ કરુંછું. રાષ્ટ્રીય સેવા યોજનામાં હું આપની કૉલેજમાં રાષ્ટ્રીય મૂલ્યોની જાળવણીના ભાગ રૂપે જોડાઉ છું. ભારતની એકતા અને સર્વાંગી વિકાસ માટે મને સોપાયેલ સેવા કાર્ય સમર્પણની ભાવનાથી નિષ્ઠા પૂર્વક કરીશ .

**સ્વયં સેવકની સહી**

# INDEX


| ક્રમ | વિગત | પેઈજ નં. |
| --- | --- | --- |
| | પૂર્વભૂમિકા | 1 to 14 |
| 1 | રેગ્યુલર પ્રવૃતિ અહેવાલ | 15 to 54 |
| 2 | વિદ્યાર્થિનીઓના નામનું લિસ્ટ | 55 to 56 |
| 3 | પ્રેસનોટ | 57 to 62 |
| 4 | પ્રમાણપત્ર | 63 to 67 |

**માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ જોષીપુરા -જૂનાગઢ**

**વર્ષ ૨૦૨૦-૨૧ એન.એસ.એસ. રેગ્યુલર એક્ટીવીટીઝ**

**પ્રોગ્રામ ઓફિસર : ડૉ.શારદાબેન એમ.વિરાણી**

| ક્રમ | વિષયવસ્તુ | તારીખ | પ્રવૃત્તિ | સ્થળ | સં.યુનિટ |
|---|---|---|---|---|---|
| ૧ | કોવિડ-19 અવેરનેસ ક્વીઝ | ૨૯/૦૫/૨૦૨૦ તો ૦૫/૦૬/૨૦૨૦ | ઓનલાઈન ક્વીઝ | ઓનલાઈન | ઓપન કોઈપણ |
| ૨ | ઈન્ટરનેશનલ યોગ ડે ઉજવણીના ભાગરૂપે | ૧૯ /૦૬/૨૦૨૦ | યોગ | કૉલેજ કેમ્પસ | એન.એસ.એસ. /એન.સી.સી. |
| 3 | ઇન્ટરનેશનલ યોગ ડે ઉજવણીના ભાગરૂપે | ૨૦/૦૬/૨૦૨૦ | વ્યાખ્યાન | ઓનલાઈન | એન.એસ.એસ. /એન.સી.સી. |
| ૪ | ઇન્ટરનેશનલ યોગ ડે ઉજવણી | ૨૧/૦૬/૨૦૨૦ | યોગાસન | ઓનલાઈન (હોમ) | ફેમીલી યોગા |
| ૫ | વૃક્ષા રોપણ | 03/૦૭/૨૦૨૦ | વૃક્ષા રોપણ | સરગવાડા ફાર્મ | એન.એસ.એસ. /એન.સી.સી. |
| ૬ | સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી | ૧૫/૦૮/૨૦૨૦ | ધ્વજવંદન ,પ્રવચન | કૉલેજ કેમ્પસ | કેમ્પસના તમામ કર્મચારીઓ |
| ૭ | ગાંધી જયંતિ ઉજવણી | ૦૨/૧૦/૨૦૨૦ | ભજન સંધ્યા | ઓનલાઈન | એન.એસ.એસ. /એન.સી.સી |
| ૮ | કોવિડ -૧૯ સંદર્ભે શપથ | ૦૮/૧૦/૨૦૨૦ | વ્યાખ્યાન અને શપથ | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૯ | માનસિક સ્વાસ્થ્ય દિન ઉજવણી | ૧૦/૧૦/૨૦૨૦ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૧૦ | રાષ્ટ્રીય એકતા દિવસ (સરદાર પટેલ જયંતિ ) ઉજવણી | ૩૧/૧૦/૨૦૨૦ | વ્યાખ્યાન અને શપથ | ઓનલાઈન | એન.એસ.એસ. |
| ૧૧ | યુવા મતદાર જાગૃતિ | ૨૧/૧૧/૨૦૨૦ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૧૨ | સંવિધાન દિવસની ઉજવણી | ૨૬/૧૧/૨૦૨૦ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૧૩ | મતદાન નામ નોંધણી | ૧૦/૧૨/૨૦૨૦ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૧૪ | સ્વામી વિવેકાનંદ જયંતિ | ૧૨/૦૧/૨૦૨૧ | વ્યાખ્યાન | બાયસેગ રૂમ | એન.એસ.એસ. /એન.સી.સી |
| ૧૫ | રાષ્ટ્રીય યૂવામતદાર દિવસ ઉજવણી | ૨૫/૦૧/૨૦૨૧ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |
| ૧૬ | પ્રજાસતાક દિનની ઉજવણી | ૨૬/૦૧/૨૦૨૧ | ધ્વજવંદન ,પ્રવચન,સાંસ્કૃતિક કૃતી | કોલેજ કેમ્પસ | કેમ્પસના તમામ વિધાર્થિનીઓ |
| ૧૭ | ટ્રાફિક નિયમન (રોડસેફ્ટી) કાર્યક્રમ | ૧૫/૦૨/૨૦૨૧ | વ્યાખ્યાન | બાયસેગ રૂમ | એન.એસ.એસ. |
| ૧૮ | મતદાર યાદી સુધારણા અને વસંત પંચમી મહોત્સવ | ૧૬/૦૨/૨૦૨૧ | વ્યાખ્યાન | બાયસેગ રૂમ | એન.એસ.એસ. /એન.સી.સી |
| ૧૯ | મહિલા દિવસ ઉજવણી | ૦૮/૦૩/૨૦૨૧ | વ્યાખ્યાન | બાયસેગ રૂમ | એન.એસ.એસ. |
| ૨૦ | આઝાદીનો અમૃત મહોત્સવ | ૧૨/૦૩/૨૦૨૧ | વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા | બાયસેગ રૂમ | એન.એસ.એસ. |
| ૨૧ | પોષણ પખવાડિયું ઉજવણી | ૧૬/૦૩/૨૦૨૧ To ૩૧/૦૩/૨૦૨૧ | વાનગી નિદર્શન અને વ્યાખ્યાન | હૉમસાયન્સ લેબ અને ઓનલાઈન | એન.એસ.એસ. |
| ૨૨ | કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન અને ગુજરાત સ્થાપના દિન ઉજવણી | ૦૧/૦૫/૨૦૨૧ | વ્યાખ્યાન | ઓનલાઈન | કોલેજના તમામ વિધાર્થિનીઓ |

## **એમ.જે.એસ.**ગોધાણી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ જોષીપુરા –જૂનાગઢ
## વર્ષ ૨૦૨૦-૨૧ એન.એસ.એસ. રેગ્યુલર એક્ટીવીટી

## પ્રોગ્રામ ઓફિસર : ડૉ.શારદાબેન એમ.વિરાણી

### ૧ . કોવિડ-19 અવેરનેસ ક્વીઝ

કોરોના મહામારી અંતર્ગત વિધાર્થીઓમાં જાગૃતિ આવે તેવા હેતુથી " Covid- 19 ઓપન ક્વિઝ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં વિધાર્થીઓ,સ્ટાફ અને અન્ય વ્યક્તિઓએ ભાગ લઈ સર્ટીફિકેટ મેળવ્યા હતા.

## COVID-19

## AWARENESS QUIZ

શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટ્સ & કોમર્સ કૉલેજ જોષીપુરા- જુનાગઢના ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) દ્વારા આયોજિત "COVID-19 ઓપન કવિઝ સ્પર્ધા " નું આયોજન સંસ્થાના ચે.મે. ટ્રસ્ટીશ્રી જે.કે. ઠેસિયા સાહેબના માર્ગદર્શનથી કરવામાં આવ્યું છે. જેના નિયમો નીચે પ્રમાણે છે.

1. આ સ્પર્ધા માં કોઈપણ વ્યક્તિ ભાગ લઇ શકે છે.
2. દરેક પ્રશ્નના 4 ગુણ આપવામાં આવશે.
3. ફરજિયાત કુલ 25 પ્રશ્નના જવાબ આપવાના રહેશે.
4. ક્વિઝ તા॰ 29/05/2020 થી તા॰06 /06/2020 સુધી ખૂલી રહેશે.
5. ક્વિઝ સબમિટ કર્યા પછી આપનો સ્કોર જોઇ શકાશે.
6. ભાગ લેનાર જો કોઈને 40% ઉપર પરિણામ લાવશે તે દરેક ને **ઇ** પ્રમાણપત્ર આપવામાં આવશે.
7. ક્વિઝ સબમિટ કર્યા પછી આપના મેઈલ પર ઇ- પ્રમાણપત્ર મેળવવા ઇ મેઇલ આઇડી લખવું જરૂરી છે.
8. ક્વિઝમાં જે નામ લખશો તે પ્રમાણેજ ઇ- પ્રમાણપત્ર મળશે. માટે નામ ચોકસાઇથી લખવું
9. એક વ્યક્તિ એક જ વખત ક્વિઝમાં ભાગ લઇ શકશે.

(N.S.S.) પ્રોગ્રામ ઓફીસર — પ્રિન્સિપાલ

ડો. શારદાબેન વિરાણી — ડો. જે.એ. સોજીત્રા

### પ્રશ્નો

1. ભારતમાં ક્યાં રાજયમાં સૌથી વધુ કોરોનાના કેશ છે?
   A . ગુજરાત B . મહારાષ્ટ્ર C . પંજાબ
2. કોરોનાની સાવચેતી માટે સરકારે કઇ એપ્લીકેશન લોન્ચ કરી છે?
   A . આરોગ્ય વિકાસ B . આરોગ્ય સેતુ C . કોરોના સેતુ
3. ક્યાં સંગઠન (સંસ્થા) થી જોડાઈને વિદ્યાર્થીઓ સમાજની મદદ માટે આગળ આવ્યા છે?
   A . ધાર્મિકસંસ્થા B . રાજકીયસંસ્થા C . રાષ્ટ્રીય સેવા યોજના
4. કોવિડ-૧૯ માનવ શરીરના ક્યાં અંગો ઉપર અસર કરે છે?
   A . ફેફશા B . કિડની C . હર્દય
5. ગુજરાત સરકારે કોરોના મહામારી વચ્ચે આરોગ્યલક્ષી સેવા માટે હેલ્પલાઇન નંબર શું આપેલ છે?
   A . 108 B . 106 C . 104

6. ગુજરાતનાં આરોગ્યસચિવ કોણ છે?
A. આનંદીબેન પટેલ B. જ્યંતિ રવિ C. વસુબેન વ્યાસ
7. કોરોનાં સામે લડત આપી રહેલા વ્યક્તિઓને શું નામ આપવામાં આવ્યું છે?
A. કમિશનર B. મહામાનવ C. કોરોનાં વોરિયર્સ
8. કોરોનાને બીજા ક્યાં નામે ઓળખવામાં આવે છે?
A. COVID-19 B. COVID-18 C. COVID-17
9. વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસને શું નામ આપ્યું છે?
A A1A2 B. COVID C. HIFE
10. ભારતમાં કોરોનાનો સૌપ્રથમ કેસ ક્યાં રાજ્યમાં નોધાયો હતો?
A ગુજરાત B. મહારાષ્ટ્ર C. રાજસ્થાન
11.કોરોના વાયરસના સૌથી વધુ કેસ ગુજરાતમાં ક્યાં શેહેરમાં છે?
A રાજકોટ B. ભાવનગર C. અમદાવાદ
12.રીલાયન્સ COVID-19 હોસ્પિટલ ક્યાં શહેરમાં શરૂ કરી છે?
A દિલ્હી B. મુંબઇ C. અમદાવાદ
13. કોરોનાને મહામારી કોણે જાહેર કરી?
A W.H.T. B. WHO C. U.K.
14. કોરોના વાયરસના સૌથી વધુ કેસ હોય તેવા વિસ્તારને શું નામ આપવામાં આવ્યું છે?
A ગ્રીન ઝેન B. ઓરેજ ઝેન C. રેડ ઝેન
15. કોરોના સામે લડવા ભારત સરકાર દ્વારા કેટલી રકમનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
A 15 લાખ કરોડ B. 20 લાખ કરોડ C. 25 લાખ કરોડ
16. કોરોના વાયરસથી બચવા સેનિટાઇઝરમાં નીચેનામાંથી ક્યુ મિશ્રણ હોવું જોઇએ?
A પાણી B. ફીનાઇલ C. 25 આલ્કોહોલ
17. કોરોના વાયરસને કારણે ભારતના ક્યાં રાજ્યએ સૌપ્રથમ લોકડાઉન અમલી કર્યું?
A રાજસ્થાન B. કેરળ C. ગોવા
18. ભારતમાં કઇ તારીખે જનતા કર્ફ્યુ જાહેર કરવામાં આવ્યો હતો?
A 21 માર્ચ 2020 B. 22 માર્ચ 2020 C 23 માર્ચ 2020
19. કોરોના વાયરસ કોવિડ-19 નું લેબોરેટરી પરીક્ષણનું નામ શું છે?
A GFR B. LIPID PRIFILE C. RT-PCR
20. કોરોના વાયરસનો માઇક્રોસ્કોપીક આકાર કેવો છે?
A અંડાકાર B. રીંગઆકાર C મુગટ આકાર
21. કોરોના વાયરસ ના કારણે ક્યાં શેહેરમાં સૌથી વધુ મૃત્યું થયા છે?
A અમેરિકા B. ચીન C ઇટલી
22. કોરોના વાયરસનો Incubation Period કેટલો છે?
A 1 થી 14 દિવસ B. 7 થી 10 દિવસ C 5થી 12 દિવસ
23. સામાજિક અંતરનો હેતુ શું છે ?
A. વાયરસ ને ખતમ કરવો B. વાયરસ ને સંપૂર્ણ પણે ફેલાતો અટકાવવો
C. વાયરસના ફેલાવાને આંશિક હદે અટકાવવો?
24. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસ ને કઇ તારીખે મહામારી તરીકે જાહેર કર્યુ ?
A 9 માર્ચ 2020 B. 10 માર્ચ 2020 C 11 માર્ચ 2020
25. કોરોના -19 ને કારણે વર્તમાન સમયમાં શિક્ષણનું માધ્યમ ક્યુ છે?
A ક્લાસરૂમ B. ટીવી C ડિસ્ટન લર્નિંગ

આ ક્વિઝમાં મોટી સંખ્યામાં વ્યકિતઓએ ભાગ લઈ ઓનલાઈન સર્ટીફિકેટ મેળવેલ.

## ૨. **'ઇન્ટરનેશનલ યોગ દિવસ'  પ્રિ યોગા**

**'ઇન્ટરનેશનલ યોગ દિવસ'** ઉજવણીની પૂર્વ તૈયારી રૂપે તા.૧૯/૬/૨૦૨૦ ના રોજ કોલેજમાં કોલેજના સ્ટાફ દ્વારા યોગ કરી  તાજગીની અનુભૂતિ કરી હતી.







**<u>યોગ</u>** <u>કરતાં</u> **<u>પ્રિ.ડો. જમકુબેન સોજીત્રા , ડો.ભાવનાબેન ગજેરા ,ડો.શારદાબેન વિરાણી અને ડો.જગદીશભાઈ ગોંડલિયા</u>**

### 3. <u>ઇન્ટરનેશનલ યોગ ડે ઉજવણીના ભાગરૂપે</u> **<u>વ્યાખ્યાન</u>**

તારીખ ૨૦/૦૬/૨૦૨૦ ના રોજ પ્રિ.ડો.જમકુબેન સોજીત્રાએ કોરોના કોવિડ -19 ની મહામારીને કારણે યુ ટ્યૂબના માધ્યમથી યોગનું મહત્વ અને યોગના ફાયદા વિષે વિધાર્થીઓને માર્ગદર્શન આપી તા. ૨૧/૦૬/૨૦૨૦ ના રોજ ઘરેજ ફેમીલી સાથે યોગા કરવા અનુરોધ કર્યો હતો。

### ૪. <u>ઇન્ટરનેશનલ યોગ ડે ઉજવણી</u> **<u>૨૧/૬/૨૦૨૦</u>**

કોરોના કોવિડ -19 ની પરિસ્થિતીને કારણે તા.૨૧/૬/૨૦૨૦ ના રોજ અમારી કોલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓએ સવારના ૭.00 થી ૯.00 દરમિયાન ઘરે જ ફેમીલી સાથે યોગ કરી તાજગીની અનુભૂતિ કરી.





યોગ કરતાં પ્રિ.ડો. જમકુબેન સોજીત્રા







**ઈન્ચાર્જ પ્રિ. ડો. એલ.જી.ભાલીયા સાહેબ**





એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. શારદાબેન વિરાણી



**ફેમીલી યોગા**

## ૫. વૃક્ષા રોપણ

તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના સરગવાડા ફામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં ૧૫૦ જેટલા જુદા જુદા વૃક્ષોના રોપાનું રોપણ કરવામાં આવ્યું. આ તકે શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન મેનેજિંગ **ટ્રસ્ટી જે,કે,ઠેસિયા** સાહેબ,અન્ય ટ્રસ્ટીશ્રીઓ,કોલેજના **પ્રિ.જમકુબેન સોજીત્રા**,એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો.શારદાબેન વિરાણી ,કોલેજનો સ્ટાફ અને સંસ્થાના કર્મચારીઓ જોડાયા હતા.





વૃક્ષા રોપણ





**વૃક્ષારોપણ**

## ૬. <u>સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી</u>

તા.૧૫/૦૮/૨૦૨૦ ના રોજ અમારી સંસ્થામાં સ્વાતંત્ર્ય પર્વની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષ કરતાં આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી. ઉજવણી પર્વમાં આવેલાને આર્યુવેદિક ઉકાળો આપવામાં આવ્યો. દરેક વ્યક્તિ માસ્ક પહેરી અને સોસિયલ ડિસ્ટન્સ સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં જોડાયા હતા. સંસ્થાના જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી આદરણીય શ્રી **મૃણાલીની**બેન ગોધાણીના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું અને તેમના ઉદબોધનમાં તેમણે કોરોનાની મહામારીમાં આપણે સહુએ શારીરિક અને માનસિક રીતે સક્ષમ બની આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા સૂચવ્યું હતું. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના કાર્યને યાદ કરી અખંડ ભારત બનાવવામાં તેમનું યોગદાન વિષે વાત કરી હતી.




ધ્વજ વંદન બાદ અમારા કેમ્પસમાં **સરદાર વલ્લભભાઈ** પટેલ અને **ડો. હરીભાઈ ગોધા**ણી **સાહેબ**ના સ્ટેચ્યુને પુષ્પમાળા પહેરાવી ભાવવંદના કરવામાં આવી. આ તકે શાહિદવીરોને યાદ કરી ધ્વજવંદનમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો,કર્મચારીગણ દરેકે હાથમાં દિપ લઈ દિપ પ્રાગટ્યથી સાચા દિલથી શાહિદવીરોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.





સંસ્થાના આદરણીય ટ્રસ્ટીશ્રી **ચુ**નીભાઈ રાખોલીયા **સાહેબે** કોરોના કોવિડ ૧૯ અંગેના દુહાથી કોરોનાથી કઈ રીતે બચવું અને શું કાળજી રાખવી તે જણાવ્યુ હતું.



સંસ્થાના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી આદરણીય શ્રી**જે.કે.ઠેસિયા સાહેબે** પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું .



<u>**પ્રાસંગિક ઉદબોધન કરતાં ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી આદરણીય શ્રી જે.કે.ઠેસિયા સાહેબ**</u>



## ૭. ગાંધી જયંતિ ઉજવણી




**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી ઉજવણીના ભાગરૂપે તા. 02/10/2020 ના બપોરે 12 કલાકે ભજન** સંધ્યાનો કાર્યક્રમ **" Zoom Application" ના માધ્યમથી ઓનલાઈન યોજવામાં આવ્યો હતો. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શારદાબેન વિરાણીએ સ્વાગત પ્રવચન અને સ્વચ્છતા તેમજ સ્વાસ્થ્ય વિષયક સમજૂતી આપી હતી. એન.એસ.એસ. ના સ્વયં સેવક વેકરીયા ગુંજનબેને "વૈષ્ણવ જ**ન **તો તેને રે કહીએ " ભજન રજૂ કર્યું હતું. કુમારી કાલસરીયા મીતિક્ષાએ "રઘુપતિ રાઘવ રાજા રામ " ભજન ગાયું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. જમકુબેન સોજીત્રાએ પોતાના વક્તવ્યમાં પરિશ્રમ,અહિંસા અને ગાંધીજીના સિદ્ધાંતો વિષે છણાવટ કરી યુવાજગતને તે મૂલ્યોને સાકાર કરવા અને જીવનમાં ઉતારવા સંદેશ પાઠવ્યો હતો. અંતમાં આભારવિધી શારદાબેન વિરાણીએ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા અને કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનુ સંચાલન એન.એસ.**એસ.**પ્રોગ્રામ** ઓફિસર ડો. શારદાબેન વિરાણીએ કર્યું હતું.







**વંદે માતરમ**

## ૮. કોવિડ -૧૯ સંદર્ભે શપથ **(વ્યાખ્યાન અને શપથ )**

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપરા-જુનાગઢના ચાલતા એન.એસ.એસ. યુનિટ દ્વારા તા.૦૮/૧૦/૨૦૨૦ના રોજ કોરોના કોવિડ ૧૯ સંદર્ભેની જાગૃતતા માટે ઓનલાઈન પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તકે **ડૉ.એલ.જી .ભાલીયા** સાહેબે વિદ્યાર્થીઓને કોરોના જાગૃતિ સંદર્ભે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.તેમજ કોલેજના પ્રિન્સિપાલ **ડૉ.જમકુબેન સોજીત્રાએ** વિદ્યાર્થીઓને શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક રીતે સ્વસ્થ રહેવા જણાવ્યું હતું.એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર **ડૉ. શારદાબેન વિરાણીએ** કોરોના covid-19 જાગૃતિ અંગેના શપથ લેવડાવ્યા હતા.આ કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.




## ૯. <u>વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિન ઉજવણી</u>

તા.૧૦/૧૦/૨૦૨૦ ના રોજ માનસિક સ્વાસ્થ્ય દિન નિમિતે વિધાર્થીઓને માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી વ્યાખ્યાન આપવામાં આવ્યું. હાલ કોરોનાની પરિસ્થિતિને કારણે માનવી તણાવ અનુભવી રહ્યો છે.ખરેખર આ તણાવજન્ય સ્થિતિમાથી કઈ રીતે બચી શકાય.સારા માનસિક સ્વાસ્થ્યની અસરો  અને જીવનમાં તેનું મૂલ્ય વિષે સમજાવવામાં આવ્યુ. તેમજ માનસિક રોગીના લક્ષણો કેવા હોય છે,તેનું વર્તન કેવું હોયછે ,તેની વ્યક્તિ .કુટુંબ,સમાજ વગેરે પર કેવી નકારાત્મક અસર થાયછે તે અંગેની ઓનલાઈન પીપીટી બતાવવામાં આવી હતી.

ઉપરાંત માનસિક રીતે સ્વસ્થ કઈ રીતે રહી શકાય તે અંગેનું માર્ગદર્શન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો.શારદાબેન વિરાણીએ આપ્યું હતું।

## ૧૦. રાષ્ટ્રીય એકતા દિવસ (સરદાર પટેલ જયંતિ ) ઉજવણી

**" રાષ્ટ્રીય એકતા શપથ "**

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરા જુનાગઢમાં ચાલતા એન.એસ.એસ યુનિટ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી 31 ઓક્ટોબર 2020 ના રોજ **રાષ્ટ્રીય એકતા શપથ ની** માઈક્રોસોફ્ટ ટીમ દ્વારા ઓનલાઇન ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ **ડૉ.જમકુબેન સોજીત્રાએ** લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની કુનેહ અને કુશાગ્ર બુદ્ધિથી સેંકડો રજવાડાને ભારતમાં ભેળવ્યા અને ભારતને એક બનાવ્યું તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.અંતમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.શારદાબેન વિરાણીએ વિદ્યાર્થીઓને **'રાષ્ટ્રીય એકતા'**ના શપથ લેવડાવ્યા હતા.આ કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર **ડૉ.શારદાબેન વિરાણીએ** કર્યું હતું.







## ૧૧. યુવા મતદાન જાગૃતિ

માતાશ્રી જે.એસ.ગોધાણી મહિલા આર્ટ્સ & કોમર્સ કૉલેજ જોષીપુરા જૂનાગઢમાં NSS અને NCCના સંયુક્ત ઉપક્રમે તા.૨૧/૧૧/૨૦૨૦ ના રોજ યુવા **મતદાર યાદી**માં નામનોંધણી અને મતદાન જાગૃતિ અંગેનો માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ઓનલાઈન સેમીનાર યોજવામાં આવ્યો હતો.આ સેમીનારનો મુખ્ય હેતુ ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ મતદારયાદીમાં નામ નોંધાવે અને મતઅધિકાર સમજે તે હતો.આ તકે પ્રિ.ડો.**જમકુબેન** સોજીત્રા**એ વ્યાખ્યાન આપ્યું હતું.આ સેમીનારમાં** NSS, NCC અને કોલેજનાં તમામ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૨. સંવિધાન દિવસની ઉજવણી 26 નવેમ્બર 2020

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરામાં ચાલતા એન.એસ. એસ. યુનિટ દ્વારા ૨૬ નવેમ્બર ૨૦૨૦ના રોજ સંવિધાન

દિવસની ઉજવણી online Microsoft team ના માધ્યમથી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફીસર **ડૉ.શારદાબેન વિરાણીએ** બંધારણની સ્થાપના વિશે વાત કરી હતી. **ડૉ.જે.એમ.પારઘી સાહેબે 'ભારતના બંધારણની લાક્ષણિકતા'** વિશે વિસ્તૃત સમજ આપી હતી. **પ્રિન્સિપાલ જમકુબેન સોજીત્રાએ** વિદ્યાર્થીને બંધારણનું મહત્વ સમજાવી બંધારણની જાણકારી મેળવવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ તકે સ્ટાફ ગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.







## 13. મતદાન નામ નોંધણી

એમ.જે.એસ.ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમા ચાલતા એન.એસ.એસ અને એન.સી.સી.ના સંયુક્ત ઉપક્રમે તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ મતદાર યાદી સુધારણા અને નામ નોંધણી અંગેનો કાર્યક્રમ online Microsoft team ના માધ્યમથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ **ડૉ. જમકુબેન** સોજીત્રાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું.**નાયબ મામલતદાર રિદ્ધિબેન રાવલે** વિદ્યાર્થીઓને મતદાર યાદીમાં નામ નોધણી માટે જરૂરી ડોક્યુમેન્ટ, કોણ નામ નોંધાવી શકે ,તેની પ્રક્રિયા કઈ રીતે કરવી તે અંગેની વિસ્તૃત સમજ આપી હતી. ઉપરાંત ઓનલાઈન મતદાર યાદીમાં પણ નામ નોંધાવી શકાય તેની પણ માહિતી આપી હતી. આ તકે પ્રશ્નોતરી પણ રાખવામાં આવી હતી. મતદાર યાદીમાં નામ નોંધણી માટેના મૂંઝવતા પ્રશ્નો વિદ્યાર્થીઓએ પૂછ્યા હતા અને **નાયબ મામલતદાર** રિદ્ધિબેન રાવલે તેનો વ્યવસ્થિત પ્રત્યુત્તર આપ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર શ્રી **રાણપરીયા સાહેબે** મતનું મહત્વ અને આપણો અધિકાર અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.સંસ્થાના શિક્ષણ નિયામક શ્રી **વોરા સાહેબે** ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ અને કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર **ડૉ. ભાવનાબેન ગજેરા** કર્યું હતું અને આભારવિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર **ડૉ. શારદાબેન વીરાણીએ** કરી હતી.






## ૧૪. <u>સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ **ઉજવણી** -- ૨૦૨૧</u>

તા.૧૨/૦૧/૨૦૨૧ નારોજ **એન.એસ.એસ.** અને એન.સી.સી.ના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.જેમાં કોલેજના **પ્રિ. ડો.** જમકુબેન સોજીત્રાએ સ્વામી વિવેકાનંદનો યુવાનો માટેનો સંદેશ વિષે અને એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ.શારદાબેન વિરાણીએ સ્વામી વિવેકાનંદના આદર્શો જીવનમાં ઉતારવા અંગે અને **ભાવનાબેન ગજેરાએ 'ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો '** સૂત્રને સાર્થક કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.









## ૧૫. રાષ્ટ્રીય યૂવા મતદાતા દિવસની ઉજવણી

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા **25 જાન્યુઆરી 2021 ના** રોજ **"રાષ્ટ્રીય મતદાતા દિવસની"** ઉજવણી ઓનલાઈન વેબીનાર દ્વારા કરવામાં આવેલ.આ ઉજવણીમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ અને ભારતના ચૂંટણીપંચ તથા જૂનાગઢ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ વેબીનારમાં એન.એસ.એસ. અને એન.સી.સી.ના વિદ્યાર્થીઓ કોલેજના વિદ્યાર્થીઓ, પ્રિન્સીપાલ શ્રી તથા સ્ટાફ જોડાયા હતા.

આ વર્ષની થીમ મતદારોને સશક્ત કરવા,સુરક્ષિત કરવા અને માહિતગાર કરવા તેમજ તેનો હેતુ વધુ ને વધુ લાયક યુવાનો પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવે, ફેરફાર કે સુધારો

હોય તો સુધારો કરાવે અને ચૂંટણી વખતે મતદારો પોતાની નૈતિક ફરજ સમજી મતદાન કરે એ અંગે જાગૃત કરવાનો હતો.

આ ઉપરાંત કોલેજ લેવલે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.જમકુબેન સોજીત્રાએ કોલેજના વિધાર્થીઓને રાષ્ટ્રીય મતદાન પર્વ અંતર્ગત મતદાન કરવુંએ યજ્ઞ સમાન છે અને બંધારણીય અધિકાર છે તેનો યોગ્ય ઉપયોગ કરી બંધારણીય જવાબદારીને સાકાર કરો એવું આહવાન કર્યું હતું.એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.શારદાબેન વિરાણીએ વિધાર્થીઓને મતદાન કરી મારી નૈતિક ફરજ નિભાવીશ એવા શપથ લેવડાવ્યા હતા.




cation is life itself.




## ૧૬. <u>પ્રજાસતાક દિનની ઉજવણી</u>

માતાશ્રી જમનાબા શામજીભાઇ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરા જુનાગઢમાં તારીખ ૨૬/૦૧/૨૦૨૧ ના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી આદરણીયશ્રી મૃણાલિનીબેન ગોધાણીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી આદરણીયશ્રી જે.કે.ઠેસિયા સાહેબ કર્યું હતું. શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ વક્તવ્ય, દેશભક્તિગીત અને સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી.આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જમકુબેન સોજીત્રા, તમામ સ્ટાફ ગણ અને વિદ્યાર્થીનીઓ જોડાયા હતા.કોરોના મહામારીને કારણે આ કાર્યક્રમ સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે કોરોના ગાઈડલાઈનના ચુસ્ત પાલનથી કરવામાં આવ્ય


BASKET BALL






સાંસ્કૃતિક કૃતિ



## **૧૭. ટ્રાફિક નિયમન જાગૃતિ કાર્યક્રમ**

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરામાં ચાલતા **એન.એસ.એસ.** યુનિટ દ્વારા તારીખ **૧૫/૦૨/૨૦૨૧** ના રોજ ટ્રાફિક નિયમન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ.શારદાબેન વિરાણીએ ટ્રાફિકના નિયમો વિશે અને **ડો.ભાલીયા સાહેબે** વાહન ચલાવવાના નિયમો અંગે માર્ગદર્શન આપ્યું હતું. **પ્રિ.ડૉ.જમકુબેન સોજીત્રાએ** રોડ સેફટી અંતર્ગત વિદ્યાર્થીઓને સમજૂતી આપી હતી.આ કાર્યક્રમમાં ડૉ.રમીલાબેન પણસારા,પ્રો.નયનાબેન ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.શારદાબેન વિરાણીએ કર્યું હતું અને આભાર વિધિ ડૉ.ભાવિકાબેન ચોટલીયાએ કરી હતી.





## ૧૮. મતદારયાદી સુધારણા અને વસંત પંચમી મહોત્સવ

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરામાં ચાલતા એન.એસ.એસ.યુનિટ દ્વારા તા.16/02/2021 ના રોજ વસંતપંચમી અને મતદાન જાગૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપવામાં આવ્યું.આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ માં સરસ્વતીની વંદના કરી પ્રાર્થના કરવામાં આવી. પ્રિન્સિપાલ **ડૉ.જમકુબેન સોજીત્રાએ** વસંત પંચમીનું મહત્વ સમજાવ્યું.હતું. કેમ્પસ એમ્બેસેડર કુમારી **મકવાણા રાબિયા** અને **વેગડવા સંજનાએ** વિદ્યાર્થીઓને મતદાર યાદીમાં ઓનલાઈન નામ નોધણી અને નામ સુધારણાની પ્રક્રિયા સમજાવી હતી.આ કાર્યક્રમમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.કાર્યક્રમનું સંચાલન અને આયોજન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર **ડૉ.શારદાબેન વિરાણીએ** કર્યું હતું. આભારવિધિ પ્રોફેસર અલ્પાબેન ભાસ્કરે કરી હતી.



સરસ્વતી વંદના




વ્યાખ્યાન **આપતા** પ્રિ.ડૉ.જે.એ.સોજીત્રા




<u>**કેમ્પસ એમ્બેસેડર**</u>

# ૧૯. <u>મહિલા દિવસ ૮ માર્ચ ૨૦૨૧</u>

## એન.એસ.એસ.અને વુમન સેલના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

માતાશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરામાં ચાલતા એન.એસ.એસ.યુનિટ અને વુમન સેલ દ્વારા ૮માર્ચ ૨૦૨૧ના રોજ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' નિમિતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.પ્રો. **નયનાબેન ગોંડલીયા અને મંજુબેન પટેલે** 'મહિલા સશક્તિકરણ' વિશે અને **ડૉ.શારદાબેન વિરાણીએ**'સેવાકીય પ્રવૃત્તિમાં મહિલાઓની ભૂમિકા' વિષે વ્યાખ્યાન આપ્યું હતું.પ્રિન્સિપાલ **ડૉ.જમકુબેન સોજીત્રાએ**'વુમન પ્રોબ્લેમ સોલ્યુશન અને સમજ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું.આ કાર્યક્રમમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.કાર્યક્રમનું સંચાલન અને આયોજન વુમન સેલના **અધ્યક્ષ પ્રો.મંજુબેન પટેલ** અને એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર **ડૉ.શારદાબેન વિરાણીએ** કર્યું હતું. આભારવિધિ પ્રોફેસર અલ્પાબેન ભાસ્કરે કરી હતી.




વ્યાખ્યાન આપતા પ્રો.મંજુબેન પટેલ




## ૨૦. <u>"આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવણી" ૧૨ માર્ચ ૨૦૨૧</u>

માતાશ્રી જમનાબા સામજીભાઇ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરામાં ચાલતા એન.એસ.એસ. યુનિટ દ્વારા તારીખ 12 માર્ચ 2021 ના રોજ 'આઝાદીના અમૃત મહોત્સવ' અન્વયે સ્વયંસેવકો દ્વારા "**વકૃત્વ સ્પર્ધા**" અને "**નિબંધ સ્પર્ધાનું**" આયોજન કરવામાં આવ્યું હતું. વકૃત્વ સ્પર્ધામાં કુલ છ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો તેમજ નિબંધ સ્પર્ધામાં કુલ **સાત** બહેનોએ ભાગ લીધો હતો.આ તકે કોલેજના પ્રિન્સિપાલ જમકુબેન સોજીત્રાએ દાંડીકૂચ વિશે વિસ્તૃત માહિતી આપી, ભાગ લેનાર સ્વયંસેવકોને અભિનંદન પાઠવ્યા હતા.


તા. 12/03/2021








## ૨૧. <u>પોષણ પખવાડિયું ઉજવણી</u>

# પોષણ યુક્ત વાનગી નિદર્શન.

પોષણ પખવાડિયા તા ૧૬/૦૩/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૧ ની ઉજવણી અંતર્ગત તા ૧૮/૦૩/૨૦૨૧ ના રોજ એન.એસ.એસ. આયોજિત પોષણ યુક્ત વાનગી નિદર્શન. રાખવામા આવ્યું.જેમાં હોમ સાયન્સ વિભાગના પ્રો.નયનાબેન ગોંડલીયા દ્વારા વિદ્યાર્થીઓને જુદા જુદા પોષક તત્વોનો પરિચય આપી, પોષણથી સમૃદ્ધ વાનગી કઈ રીતે બને તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોટીનથી ભરપુર એવા સોયાબીનનો ઉપયોગ કરી સોયાપનીર અને સોયા મન્ચુરીયમ વાનગી બનાવવામાં આવેલ, વિટામિન એથી ભરપૂર વાનગીમાં પાલક મેથીનો ઉપયોગ કરી ગ્રીન પુડલા,પાલક પનીર, ગાજરનો હલવો વગેરે વાનગીઓ શીખવવામાં આવી તેમ જ કિશોરીઓમાં લોહ અને કેલ્શિયમ યુક્ત વાનગીઓ જેમાં ખજૂરમાંથી ખજૂર બિસ્કીટ, ખજૂર પાક તેમજ દૂધમાંથી રબડી, વિવિધ પ્રકારની ખીર વગેરે વાનગીઓ વિદ્યાર્થીઓને શીખવવામાં આવેલ. વિદ્યાર્થીઓને પોષણયુક્ત જુદી જુદી વાનગીઓ પ્રત્યક્ષ નિદર્શન દ્વારા શીખવવામાં આવી હતી.





## અહેવાલ-2

### પોષણ અને આહાર જાગૃતતા ઓનલાઇન કાર્યક્રમ યોજાયો.

માતાશ્રી જમનાબા સામજીભાઇ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરામાં ચાલતા એન.એસ.એસ.યુનિટ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ જિલ્લા પંચાયત જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત ઓનલાઇન કાર્યક્રમ યોજવામા આવ્યો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.એન.એસ.એસ.સ્વયંસેવક **વેકરીયા ગુંજનબેને** ઇતની શક્તિ હમે દેના દાતા....પ્રાર્થના રજૂ કરી હતી.ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ **જમકુબેન સોજીત્રાએ** સ્વાગત પ્રવચન કર્યું હતું અને જીલ્લા પ્રોગ્રામ ઓફિસર **શારદાબેન દેસાઈએ** કિશોરી માટેની પૂર્ણા યોજના અને પૂર્ણ શક્તિ અંતર્ગત માહિતી આપી, વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહાર લેવા અનુરોધ કર્યો હતો.તેમજ હોમ સાયન્સ વિભાગના **ડૉ.ભાવિકાબેન ચોટલીયાએ** માતા અને બાળકના પોષણ વિશેની વાત કરી સમતોલ આહાર  આયોજન અંગે સમજૂતી આપી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર **ડૉ.શારદાબેન વીરાણીએ** કરી હતી.




## ૨૨. ૧ લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિન ઉજવણી અને ૧૮ વર્ષથી ૪૪ વર્ષની વયના વ્યક્તિઓને  કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન

એમ.જે .એસ.ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરામાં તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ ૧ લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિન ઉજવણી અને ૧૮ વર્ષથી ૪૪ વર્ષની વયના વ્યક્તિઓને  કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો.




માતાશ્રી જમનાબા સામજીભાઇ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોશીપુરામાં ચાલતા **એન.એસ.એસ.,એન.સી.સી.** અને **પર્યાવરણ સમિતિના** સંયુક્ત ઉપક્રમે તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ ઓનલાઇન કાર્યક્રમ યોજવામા આવ્યો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ **ચેતનભાઇ ત્રિવેદીસાહેબની** રસીકરણ અભિયાન અંતર્ગત સંદેશની ઓનલાઈન સ્પીચ મૂકવામાં આવીહતી. તેમજ એન.એસ.એસ. સ્વયંસેવક **શ્રેયા ડોબરીયા** એ વેક્સિનેશન માટેની પ્રક્રિયા વિદ્યાર્થીઓને સમજાવી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ **ડૉ.જે.એમ.પારઘી સાહેબે** ગુજરાત સ્થાપના દિન અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.ત્યારબાદ કોલેજના **પ્રિન્સિપાલ ડો. જમકુબેન સોજીત્રાએ** રસીકરણ અંગેનું માર્ગદર્શન અને માહિતી આપી વિદ્યાર્થીઓને રશીકરણ કરવા અને કરાવવા અનુરોધ કર્યો હતો. સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી **જે.કે.ઠેસિયા સાહેબ** ઉપસ્થિત રહી તેમના સંબોધનમાં કોરોના સમયમાં એકબીજાને સહાયરૂપ બની ખોટી અફવાઓથી દૂર રહી એકબીજાને મદદ કરીએ, રસીકરણ કરીએ અને કરાવીએ તેમજ સહિયારા પ્રયત્નોથી સંકટમય સ્થિતિનો સામનો કરી કોરોનાને હરાવીએ એવી ભાવના વ્યક્ત કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર **ડૉ.શારદાબેન વિરાણીએ** કર્યું હતું અને આભારવિધિ **ડો. ભાવિકાબેન ચોટલીયાએ** કરી હતી


Dr. P
Prof. G
Dr. S
Dr. P
Dr. C
PG
Prof.Nayanaben G


Dr. P
Prof. G
Dr. S
Dr. P
Dr. C
Dr. K
Dr. V

| M.J.S.Godhani Mahila Arts & Com. College JoshipuraJunagadh<br>Regular Activity Year – 2020/21<br>Program officer : Dr.Sharda M. Virani | | | |
|---|---|---|---|
| **Sr. No.** | **Students Name** | **Std. Year** | **Hostel/City/ Updawan** |
| 1 | Ribadiya Dhruvi Jitubhai | F.Y.B.A. | Hostel |
| 2 | Usadadiya Krishna Manishbhai | F.Y.B.A. | Hostel |
| 3 | Chothani Yutika Ashvinbhai | F.Y.B.A. | Hostel |
| 4 | Boghara Hepi Jagdishbhai | F.Y.B.A. | Hostel |
| 5 | Vekariya Gunjan Hareshbhai | F.Y.B.Com. | Hostel |
| 6 | Munjapara Aakruti Harshadbhai | F.Y.B.A. | Hostel |
| 7 | Vekariya Avani Pareshbhai | F.Y.B.Com. | Hostel |
| 8 | Kathiriya Seema Zaverbhai | F.Y.B.Com. | Hostel |
| 9 | Kyada Krupa Pravinbhai | F.Y.B.Com. | Hostel |
| 10 | Bhankhar Vrunda Ramnikbhai | F.Y.B.Com. | Hostel |
| 11 | Kathrotiya Aesha Pravinbhai | F.Y.B.A. | Hostel |
| 12 | Suva Harshita Dineshbhai | F.Y.B.Com. | Hostel |
| 13 | Rakholiya Henita Denishbhai | F.Y.B.A. | Hostel |
| 14 | Nakarani Madhvi Bharatbhai | F.Y.B.Com. | Hostel |
| 15 | Dobariya Vasudha Kishobhai | F.Y.B.A. | Hostel |
| 16 | Dobariya Harmisha Chandubhai | F.Y.B.A. | Hostel |
| 17 | Kalsariya Mitiksha Mahendrabhai | F.Y.B.A. | Hostel |
| 18 | Vaghasiya Apexa Jayeshbhai | F.Y.B.A. | Hostel |
| 19 | Chauhan Susmita Narsinhbhai | F.Y.B.A. | City |
| 20 | Khut Krupali Maganbhai | F.Y.B.Com. | Hostel |
| 21 | Raiyani Bhargavi Naganbhai | F.Y.B.Com. | Hostel |
| 22 | Sukhaddiya Grishma Chandubhai | F.Y.B.Com. | Hostel |
| 23 | Donga Nimitaben Chimnlal | F.Y.B.Com. | Hostel |
| 24 | Viradiya Vaishali Bhupatbhai | F.Y.B.Com. | Hostel |
| 25 | Lakkad Renakumari Gopalbhai | F.Y.B.Com. | Hostel |
| 26 | Ramoliya Dhvani Mansukhbhai | F.Y.B.Com. | Hostel |
| 27 | Dhaduk Drashti Rajeshbhai | F.Y.B.Com. | Hostel |
| 28 | Vaghasiya Bansi Sanjaybhai | F.Y.B.Com. | Hostel |
| 29 | Savaliya Bhargavi Narendrabhai | F.Y.B.Com. | Hostel |
| 30 | Zalavadiya Hitarthi Jagdishbhai | F.Y.B.Com. | Hostel |
| 31 | Savaliya Pratiksha Jayeshbhai | F.Y.B.Com. | Hostel |
| 32 | Kapadiya Greshi Ashokbhai | F.Y.B.Com. | City |
| 33 | Solanki Rajan Hareshbhai | F.Y.B.Com. | City |
| 34 | Sutariya Juli Ghanshyambhai | F.Y.B.Com. | Hostel |
| 35 | Sutariya Hetvi Dilipbhai | F.Y.B.Com. | Hostel |

| | | | |
|---|---|---|---|
| 36 | Bharda Dipika Rameshbhai | F.Y.B.Com. | Hostel |
| 37 | Dangar Rupal Bahadurbhai | F.Y.B.Com. | Hostel |
| 38 | Kotadiya Jinal Vipulbhai | F.Y.B.A. | Hostel |
| 39 | Dobariya Shreya Rajeshbhai | F.Y.B.Com. | Hostel |
| 40 | Parkhiya Nirjana Mansukhbhi | F.Y.B.Com. | City |
| 41 | Dobariya Parkruti Vitthlbhai | F.Y.B.Com. | Hostel |
| 42 | Dudhatra Meera Subhasbhai | F.Y.B.Com. | Hostel |
| 43 | Shekhada Maya Maheshbhai | F.Y.B.Com. | Hostel |
| 44 | Bhaderi Aerika Bhupatbhai | F.Y.B.A. | Hostel |
| 45 | Tilala Janvi Kishorbhai | F.Y.B.Com. | Hostel |
| 46 | Kotadiya Jinal Bharatbhai | F.Y.B.Com. | Hostel |
| 47 | Shiroya Janvi Rameshbhai | F.Y.B.Com. | Hostel |
| 48 | Mangalpara Parul Rameshbhai | F.Y.B.Com. | Hostel |
| 49 | Thumar Dipti Prafulbhai | F.Y.B.Com. | Hostel |
| 50 | Vaghasiya Amisha Hareshbhai | F.Y.B.Com. | Hostel |

દિવ્ય ભાસ્કર

રાજકોટ (જૂનાગઢ) • રવિવાર, 28 ફેબ્રુઆરી, 2021 | 4

# વુમનસેલ અને એનએસએસના ઉપક્રમે મતદાન જાગૃતિ કાર્યક્રમ



જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જોષીપુરામાં ચાલતા એનએસએસ યુનિટ અને વુમન સેલ દ્વારા તા. 16 ફેબ્રુ: 2021 ના રોજ વસંત પંચમી, મહિલા સશક્તિકરણ અને મતદાન જાગૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓને પ્રો. મંજુબેન પટેલ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પ્રો. નયનાબેન ગોંડલિયાએ મહિલા સશક્તીકરણ વિશે અને ડો. શારદાબેન વિરાણીએ સેવાકિય પ્રવૃત્તીમાં મહિલાઓની ભૂમિકા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિન્સિપાલ જમકુબેન સોજીત્રાએ વુમન પ્રોબ્લેમ સોલ્યુશન અને સમજ તેમજ વસંત પંચમીના મહત્વ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તો રાબિયા મકવાણા અને સંજના વેગડવાએ મતદાર યાદીમાં ઓનલાઈન સુધારાની પ્રક્રિયા સમજાવી હતી.

દિવ્ય ભાસ્કર

રાજકોટ (જૂનાગઢ) • બુધવાર, 10 માર્ચ, 2021 | 4

# ધર્મ - સમાજ -સંસ્થા

## જોષીપરાની મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મહિલા દિન ઉજવાયો



જૂનાગઢ : જોષીપરામાં આવેલી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એનએસએસ દ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે એનસીસીના એનઓ પ્રો. ડો. ભાવનાબેન ગજેરાનું તેમજ સ્પોર્ટસ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર રચનાબેન પરમાર અને જીનલબેન હિરપરાનું કોલેજના પ્રિન્સીપાલ ડો. જમકુબેન સોજીત્રાએ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, મૃણાલિનીબેન ગોધાણીએ કામગીરીને બિરદાવી હતી.

દિવ્ય ભાસ્કર

રાજકોટ (જૂનાગઢ) ● બુધવાર, 31 માર્ચ, 2021 | 4

# જોષીપરાની મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પોષણ, આહાર જાગૃત્તી કાર્યક્રમ

જૂનાગઢ : શહેરના જોષીપરામાં આવેલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પોષણ અને આહાર જાગૃત્તતા કાર્યક્રમ યોજાયો હતો. ઓનલાઈન કાર્યક્રમમાં કિશોરીઓ માટેની અન્નપૂર્ણા યોજના, માતા અને બાળકના પોષણની માહિતી રજૂ કરાઈ હતી. આ તકે પ્રિન્સીપાલ જમકુબેન સોજીત્રા, જિલ્લા પ્રોગામ ઓફિસર શારદાબેન દેસાઈ, ડો. ભાવિકા ચોટલીયા, ડો. શારદાબેન વિરાણી, મેનેજીંગ ટ્રસ્ટી જે. કે. ઠેસીયા, મૃણાલીનીબેન ગોધાણી વગેરેની ઉપસ્થિતી રહી હતી.

દિવ્ય ભાસ્કર

રાજકોટ (જૂનાગઢ) ● ગુરૂવાર, 4 માર્ચ, 2021 | 4

## ધર્મ - સમાજ -સંસ્થા

# જોષીપરાની મહિલા કોલેજના પ્રોફેસર લીખીત પુસ્તકનું વિમોચન કરાયું



જૂનાગઢ | શહેરની જમનાબા શામજીભાઈ ગોધાણી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપરાના પ્રોફેસર ડો. શારદાબેન વિરાણીએ લખેલા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે. ખાસ કરીને બીએ સેમેસ્ટર 1નું બાળપણ અને બાળ મનોવિજ્ઞાન પુસ્તકનું પ્રિન્સીપાલ ડો. જમકુબેન સોજીત્રાના હસ્તે તેમજ બીએ સેમેસ્ટર 6નું ચિકિત્સા મનોવિજ્ઞાન પુસ્તકનું ડો. એલ. જી.ભાલિયાના હસ્તે વિમોચન કરાયું હતું.આ તકે ડો. ભાવનાબેન ગજેરા, ડો. ભાવિકાબેન ચોટલીયા, ડો. રમાબેન પણસારા, ટ્રસ્ટી જે. કે. ઠેસીયા, મેનેજીંગ ટ્રસ્ટી મૃણાલી મેડમની ઉપસ્થિતી રહી હતી.



NSS પ્રવૃતિ 2019-20 ના સોવિનિયરનું પ્રિ.ડૉ.જમકુબેન સોજીત્રાના હસ્તે વિમોચન



સરસ્વતી વંદના


Department of Psychology

NSS પ્રમાણપત્ર


Education is the key to success in life.



PRINCIPAL
Matashree J. S. Godhani
Mahila Arts & Comm. College
Joshipura Junagadh

# વન્દે માતરમ

# ભારત માતાકી જય